RESEARCH PAPER | Commerce | Volume : 5 | Issue : 5 | May 2015 | ISSN - 2249-555X

# Eitihasik Sthalo Ane Pravasan Udhyog  Ek Abhyas (Gujarat Rajyana Valsad Jillana Dharampur Talukana Sandarbhe)

# ઐતિહાસિક સ્થળો અને પ્રવાસન ઉદ્યોગ– એક અભ્યાસ ( ગુજરાત રાજ્યના વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના સંદર્ભે)

KEYWORDS

ALKABEN H. PATEL

ASSOCIATE PROFESSOR, DEPARTMENT OF COMMERCE, ARTS & COMMERCE COLEGE MOTAPONDHA, DIST- VALSAD GUJARAT-396191 (INDIA)

**પ્રસ્તાવનાઃ–**

પ્રવાસન ઉદ્યોગોએ સેવા ઉદ્યોગ છે. ભારતમાં તે જાહેર અને ખાનગી બંને ક્ષેત્રે વહેંચાયેલ છે. યોગ્ય સંચાલન માટે આયોજન, માનવસંસાધન તાલીમ, માર્કેટિંગ, સહાયક ઉદ્યોગોની સાથે યોગ્ય સંકલન વગેરે કાર્યો પ્રવાસન ઉદ્યોગ માટે થઈ રહયા છે. કારણ કે પ્રવાસન ઉદ્યોગ એ આજની દરેક દેશની મુખ્ય જરૂરિયાત બની ગયો છે. દરેક દેશના આર્થિક વિકાસનું સાધન પૂરવાર થઈ શકે તેમ છે તે મુજબ ભારતે પણ વિશ્વની જેમ સમય સાથે કદમ મિલાવવા આ ઉદ્યોગક્ષેત્રના જરૂરી પ્રયત્નો આદરી દીધા છે. ભારતને મળેલ કુદરતી સૌંદર્ય, વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિ, અને મહત્તવનો ઐતિહાસિક વારસો વગેરેનો માનવીય બુદ્ધિના સહયોગથી પ્રવાસન ક્ષેત્રે ઉપયોગ કરવા વધુ મહત્વ આપવા માંડયું છે. માટે ગુજરાત અને તેમાંય દક્ષિણ ગુજરાત પણ તેમાં તેને મળેલ પ્રવાસન ઉદ્યોગની તકો મુજબ આગળ વધવાનો પ્રયત્ન કરી રહયું છે. છતાં પણ પ્રવાસન ઉદ્યોગના વિકાસ અંગેની મળવી જરૂરી સવલતો, અને તેના દ્ધારા ગુજરાતના આ વલસાડ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારના અંતરીયાળ ધરમપુર જેવા તાલુકાનું વિકાસનું ચિત્ર જોઈએ તો એનો વિકાસ થોડો ઓછો લાગે છે અને તેમાંય તેના શહેરી વિસ્તારમાં થોડો વિકાસ છે તો વળી ગ્રામ્ય વિસ્તારમાં તો હજી પણ ધ્યાન અપાવું જરૂરી લાગે છે. અને આ ધરમપુર એ વલસાડ જીલ્લાનો એવો તાલુકો છે કે જ્યાં અનેક સ્વરૂપના મહત્વના ઐતિહાસિક પ્રવાસન સ્થળો આવેલ છે જેને પ્રવાસન ઉદ્યોગ સ્વરૂપે વિશ્વની સમક્ષ મુકવા જરૂરી છે. માટે એ વિસ્તારને અભ્યાસ હેઠળ પસંદ કરી સંશોધકીય અભ્યાસ હાથ ધર્યો છે.

આ સંશોધનમાં ધરમપુર તાલુકાના કેટલાક નમૂના સ્વરૂપ ઐતિહાસિક પ્રવાસન સ્થળોની માહિતીઓના આધારે સમગ્ર તાલુકાની પરસ્થિતિનો અંદાજીત ચિત્તાર પ્રાપ્ત થાય છે. અને તેના દ્ધારા એ પ્રવાસન સ્થળોની જાળવણી માટે, તેને પ્રકશિત કરવા માટે કે તેનાં વિકાસ માટે કેવા રચનાત્મક ફેરફારો અમલમાં મૂકવા તે વિચારો પ્રાપ્ત થયેલ છે.

**– સમસ્યા કથનઃ–**

આ સંશોધનમાં ઐતિહાસિક નગરી એવા ધરમપુર તાલુકામાં આવેલ પ્રવાસન સ્થળોનો અભ્યાસ વિષય પસંદ ર્ક્યો છે. આ વિષય પસંદ કરવાનો મારો હેતુ કો મોટું સંશોધન કરવાનો નથી પરંતુ પસંદ થયેલ વિસ્તારમાં ક્યા ક્યા ઐતિહાસિક સ્થળો આવેલા છે તે જોઈ, જાણી તેનો પ્રવાસન ઉદ્યોગ સંદર્ભે કેવો વિકાસ થયો છે. વિકાસમાં ક્યા અવરોધો છે. અને તેને દૂર કરવા શું કરી શકાય તે વિચારવાનો છે જેથી ભવિષ્યમાં આ ઉદ્યોગના વિકાસ માટેના સુધારાના માર્ગો વિચારી અમલમાં મૂકી શકાય તેવું જ્ઞાન પ્રાપ્ત કરવાનો છે. તોજ આ વિસ્તારમાં રહેલ ઐતિહાસિક વારસાને હજી પણ ટકાવી શકાશે અને ભાવી પેઢી તેને નિહાળી શકશે.

**– અભ્યાસના હેતુઓઃ–**

આ સંશોધનમાં ધરમપુર તાલુકાના ઐતિહાસિક સ્થળોમાંથી કેટલાક નમૂના સ્વરૂપ સ્થળોનો અભ્યાસ નીચે દર્શાવ્યા મુજબના હેતુઓ માટે હાથ ધરવામાં આવ્યો છે.

૧. ધરમપુર તાલુકાના પ્રવાસન સ્થળોમાં ફક્ત ઐતિહાસિક સ્થળોનો અભ્યાસ.

૨. ધરમપુર તાલુકાના એ ઐતિહાસિક પ્રવાસન સ્થળોનો વિકાસમાં વર્તમાન સંજોગોનું ચિત્રનો અભ્યાસ.

૩. ધરમપુર તાલુકાના એ પ્રવાસન સ્થળોના વિકાસ અંગેના વર્તમાન સંજોગોમા જો કોઈ પ્રશ્નો હોય તો તેનું નિરાકરણ સંચાલનની દ્રષ્ટીએ કઈ રીતે લાવી શકાય તેનો અભ્યાસ.

**– અભ્યાસની ઉપકલ્પનાઓઃ–**

૧. ધરમપુર તાલુકાના આ ઐતિહાસિક પ્રવાસન સ્થળોના સંજોગોમાં વૈશ્વિક કક્ષાએ આવેલા ફેરફારોને અનુરૂપ પ્રવાસન સ્થળોના વિકાસમાં પરિવર્તન નહિ હોય.

૨. ધરમપુર તાલુકામાં એ પરિવર્તન માટે જરૂરી સવલતોના પૂરતા પ્રયત્નો ન હોય.

૩. ધરમપુર તાલુકામાં એ જરૂરી પરિવર્તનો માટેની પૂરતી સમજ ત્યાંના સ્થાનિક લોકોમાં પણ નહિ હોય.

૪. આ તાલુકાના થોડા વિકસિત નાના શહેરી વિસ્તારના આવા સ્થળોની સરખામણીએ ગ્રામ્ય વિસ્તારનાં સ્થળોનો વિકાસ પણ ઓછો હોય.

**– સંશોધનનું સીમાંકનઃ–**

સંશોધનની સીમા વલસાડ જીલ્લાના ધરમપુર તાલુકા પૂરતી મર્યાદિત રાખવામાં આવી છે. આ તાલુકાની આજુબાજુમાં કપરાડા, વાંસદા, વલસાડ વગેરે વિસ્તાર લાગ્યો છે. આ તાલુકાના કુલ .................... ગામો છે. જેમાંથી ઘણી જગ્યાએ ઐતિહાસિક પ્રવાસન સ્થળો આવેલા છે સાથે અનેક પ્રકારના કુદરતી સૌંદર્ય ભરપુર સ્થળો તથા ધાર્મિક સ્થળો પણ આવેલા છે. જેમાંથી આ અભ્યાસમાં ફક્ત ધરમપુર તાલુકાના પ્રવાસન સ્થળોમાં ઐતિહાસિક દ્રષ્ટીએ મહત્તવ ધરાવનાર સ્થળોનું જ પ્રત્યક્ષ નિરિક્ષણ કરી ત્યાંના સ્થાનિક લોકોની સાથે વિચારોની આ–લે કરી માહિતી પ્રાપ્ત કરી છે. અને સંશોધન હાથ ધર્યું છે. તેથી તેને જોકે અન્ય સ્થળો માટે સામાન્યીકરણ તરીકે ન લઈ શકાય.

**– વ્યાપ વિશ્વ અને નમૂનાની પસંદગીઃ**

માહિતી ભેગી કરવા માટે તાલુકાના કેટલાક જ ઐતિહાસિક સ્થળોની જાણકારી મળી શકે તેટલાની વિસ્તારથી માહિતી ભેગી કરવામાં આવી કોઈ ચોક્કસ સ્થળોની જ પસંદગી ન કરવામાં આવી. મોટા ભાગના વિસ્તારમાંથી શહેરી અને ગ્રામ્ય બંને વિસ્તારને અભ્યાસ અર્થે આવરી લેવાયો છે.

**– સંશોધનના ઉપકરણોઃ**

અભ્યાસના હેતુઓને ધ્યાનમાં લઈ અભ્યાસ માટેની માહિતી ભેગી કરવા માટે જાતે આ ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેવામાં આવી કેમેરા દ્ધારા ફોટાઓ લેવામાં આવ્યા. જે તે સ્થળના લોકોની મુલાકાત અને સંદર્ભ પુસ્તકો તથા વર્તમાન પત્રોનો ઉપયોગ.

**– માહિતી પ્રાપ્તિની પ્રવિધિઃ–**

આ અભ્યાસમાં માહિતી ભેગી કરવા માટે સ્થળનું પ્રત્યક્ષ નિરિક્ષણઅને લોકોની સાથેની મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો. સ્થળોના સ્થાનિક લોકો સાથે પણ વિચારોની આપ– લે કરી અને સ્થળોના ફોટાઓ પણ લઈ આવ્યા. એ વિસ્તારના વહીવટ તંત્રના કર્મચારીઓ તથા જંગલ ખાતાના કર્મચારીઓ સાથે પણ માહિતી માટે વિચારોની આપ–લે કરી.

**– માહિતીના વિષ્લેષણ પદ્ધતિઃ–**

સંદર્ભ પુસ્તકો તથા સ્થળોની પ્રત્યક્ષ મુલાકાત લોકો સાથે વિચારોની આપ–લે , વહીવટી ઓફીસો વગેરે દ્ધારા જે માહિતી ભેગી થઈ તેને સૌ પ્રથમ વ્યવસ્થિત રીતે ક્રમવાર ગોઠવવામાં આવી. અને તેના અભ્યાસ પરથી આ ઐતિહાસિક સ્થળોની વર્તમાન સ્થિતિ શું છે તેના સંજોગો કેવા છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો. અને તે સ્થળોના વિકાસ માટે, તેની જાળવણી માટે, મરામત માટે શું કરવું જોઈએ તે માટેના જરૂરી પગલાંઓ વિચારવામાં આવ્યા. જેમાં મેં મારી સમજ મુજબ પોતાના મંતવ્યોના આધારે જરૂરી ઉપાયો બતાવ્યા છે.

- તો હવે જોઈએ ઐતિહાસિક નગરી સમા ધરમપુર તાલુકાના કેટલાક ઐતિહાસિક સ્થળોની માહિતી.

- **ધરમપુર બજારમાં આવેલ રાજ્યારોહણ ગેટ યુરોપ એશિયાના નમુનાની ભેટઃ–**

વલસાડથી ધરમપુરમાં રોડ દ્ધારા પ્રવેશતા આ શહેરના પ્રવેશદ્ધારે આ ત્રણ દરવાજાઓ આવેલ છે. આ ત્રણ દરવાજા ધરમપુરના રાજસાહેબ શ્રી મહારાણા વિજયદેવજી રાણાએ તાઃ ૨ જી માર્ચ ઈ.સ. ૧૯૨૧ માં સવંત ૧૯૧૧ ફાગણ વદ ૩ ના રોજ ધરમપુર રાજ્યની ગાદી ઉપર બિરાજમાન થયા તેની યાદગીરીમાં બંધાવ્યા હતા.

- **લેડી વિલ્સન મ્યુઝીયમ ધરમપુર નગરીનું બહુમુલ્ય ઘરેણુંઃ–**

સ્વ. મોહનદેવજી ધરમપુરના ભૂતપૂર્વ રાજવી કે જેઓએ લાંબા સમય સુધી રાજ કરતાં પોતાના શાસનકાળની રજત જયંતિ નિમિતે આં હોલ બંધાવ્યો કે જેને તેમના પુત્ર

Volume : 5 | Issue : 5 | May 2015 | ISSN - 2249-555X

વિજયદેવજીએ સંગ્રહાલયમાં ફેરવી મુંબઇના ગવર્નર વિલ્સન હિલની મુલાકાતે આવ્યા ત્યારે તેમના હસ્તે ૩૧ મી જાન્યુ.૧૯૨૮ ના દિવસે ખુલ્લું મુકાવ્યું. આ વિસ્તારની લોકસંસ્કૃતિના અહીં દર્શન થાય છે. આ સ્થળની મુલાકાત આંતરરાષ્ટ્રીય સ્તર સુધીના પ્રવાસીઓ લે છે.

- મોહનગઢ કે જ્યાં વિજય પેલેસ આવેલો હતો.

આ મોહનગઢ, ધાર્મિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્તવ ધરાવે છે આ ગઢ પરથી સૂર્યોદય અને સુર્યાસ્ત જોવાલાયક છે.

- લક્ષ્મીનારાયણ મંદિરઃ– કે જેની નકલ કાશ્મીરમાં થઈ છે. એની કલાકારીગરી વિશિષ્ટ છે. શહેરની અનેરી શોભા છે. આ મંદિર રાજા રજવાડાના આધ્યાત્મિક ક્ષેત્રના પ્રદાનની સાક્ષી પૂરતા આજે પણ મોજૂદ છે આ મંદિરની કલાકૃતિ સ્વરૂપે.

- **સતી માતાનું મંદિર સ્વર્ગવાહિની નદીની કાંઠે જે ૧૯૨ વર્ષ પુરાણું**

બયાબાઈ નામના એક ભૂતપૂર્વ સાધ્વી સ્ત્રી અહીં રામનગરમાં જે થઈ ગયા તેમના પતિ બિમાર પડ્યા અને મૃત્યુ થતા તેઓ પણ તેમની સાથે સતી થયા તે એક ધાર્મિક પ્રસંગની સાક્ષી પૂરતું મંદિર આજે પણ મોજૂદ છે. સતિએ સહગમન કર્યું એ દિવસ એટલે ફાગણ સુદ પાંચમ ગુરુવાર તા. ૧૪/૦૩/૧૮૧૪ સવંત ૧૮૭૦ છે. શ્રી સતી માતાની જન્મ જયંતી આજે પણ ચન્દ્રસેના કાયસ્થ પ્રભુ સમાજ, ધરમપુ પ્રતિ વર્ષે ધામધુમથી ઉજવે છે.

- **પીંડવળ રાજાની રાજધાનીઃ–**

હ આ ગામમાં રાજાની રાજધાનીના અવશેષો આવેલા છે વધસ્તંભ પણ છે જ્યાં ગુનેગારોને મોતની સજા ફરમાવવામાં આવતી. એક મકાનની અંદર રાજાની ગાદીના અવશેષો આજે પણ જોવા મળે છે. ઈ.સ. ૧૭૬૬ માં આ વિસ્તારમાં રાજાની રાજધાની આ સ્થળે હતી.

- **વિલ્સન હિલઃ–**

ઐતિહાસિક વારસો ધરાવતું ગિરિમથક નજીકમાં શંકર ધોધ પણ છે ત્યાં ઈ.સ. ૧૯૨૮ જાન્યુઆરીમાં મહારાણા શ્રી વિજયદેવજીના આમંત્રણને માન આપી તે સમયના મુંબઇના ગવર્નર સર લેસ્લી વિલ્સન ધરમપુરની મુલાકાતે આવ્યા તે મુલાકાતને કાયમી યાદગારી સ્વરૂપ આપવામાં આવ્યું કે જ્યાં તેમની યાદમાં આજે પણ તે બનેલી છત્રી મોજૂદ છે જ્યાં આજે ગિરિમથક સ્વરૂપે ધીરે ધીરે વિકાસ થઈ રહ્યો છે પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત લેતાં સાથે કુદરતી સૌંદર્યને પણ માણે છે.

**તારણોઃ–**

- સ્થળોની સાચવણી માટે જરૂરી માળખાગત સવલતો નથી.

- સ્થળોની નજીક રહેવા માટે પ્રવાસીઓ માટેની પૂરતી સગવડો નથી.

- જરૂરી રસ્તાઓની પૂરતી સગવડો નથી. સંદેશાવ્યવહારના માધ્યમો દ્વારા આ સ્થળની પૂરતી માહિતી પ્રકાશિત થઈ નથી.

- સરકારના પણ આવા સ્થળોની જાળવણી માટે પૂરતા પ્રયત્નો લાગતા નથી ભવિષ્યમાં આ વારસાને કોઈ મહત્વની રીતે સમજવા તૈયાર નથી.

- આ અગત્યના સ્થળોનું અસ્તિત્વ જોખમોમાં મૂકાયું છે તે અટકાવાતું નથી.

- ખાનગી સંસ્થાઓ આ વિસ્તારમાં આ પ્રવૃત્તિમાં જોડાયી નથી.

- આવા સ્થળોને પ્રકાશિત કરવા સંશોધકીય કાર્ય પણ ઓછુ થયું લાગે છે.

- આ ઉદ્યોગના વિકાસ અંગેની પૂરતી સમજ ન આવશે તો સ્થળો તેની વિશિષ્ટ્તા ગુમાવી દેશે તે ત્યાના લોકોને પણ સમજાવાયું નથી.

**સૂચનોઃ–**

– આમ આ વિસ્તારોમાં પણ અનેક સ્વરૂપે જોવાલાયક ભવ્ય ઐતિહાસિક વારસો પડ્યો છે જેની ખરેખર યોગ્ય સ્વરૂપે જાળવણી થવી જરૂરી કે જેથી ભાવી પેઢી પણ તેને નિહાળી શકે. તેમાંથી પ્રેરણા લઈ શકે, ગૌરવ લઈ શકે પોતાના વિસ્તાર માટે અને દેશ માટે.

– જેમ કે દા.ત. ધરમપુરના મ્યુઝીયમની વસ્તુઓ તથા છતને જોઈ પ્રાચીન સમયમાં પણ કેવી કલા કારીગરી હતી તેને જાણી જો વર્તમાનમાં તે ભૂલાય ગયું હોઈ તો તેને યાદ કરી ઉપયોગ કરવા પ્રેરાય વર્તમાન પેઢી તો એવી અગત્યની કલાની જાળવણી તે માટે થવી જરૂરી.

– જો આ સ્થળોના જાળવણી થઈ હોત કે બાકી રહ્યું છે તે સચવાય તો લોકો રાજા રજવાડાના સમયે પણ કેવા વિકાસના કામો થતા તે જાણી શકે.

– ભૂતકાળના રાજા રજવાડાના સંચાલનમાંથી વર્તમાનમાં શું ગ્રહણ કરવા જેવું છે ? સંચાલન માટે તેનો માર્ગ મળી શકે.

– સ્થળોની જાળવણી થાય તો ઔદ્યોગિક રીતે લાભ લઈ શકાય.

– એ સ્થળોની લોકોમાં પણ આ સ્થળોની સાચવણી માટે જાગૃતતા લાવવી.

– સરકારી તંત્રએ આ સ્થળોની જાળવણી માટેના ખાસ પ્રયત્નો કરવા જરૂરી.

– સરકારી તંત્રએ ખાનગી સંસ્થાઓને પણ આ પ્રવૃતિ સાથે જોડી આ સ્થળોના વિકાસ માટેના પ્રયત્નો કરવા જરૂરી.

– જો આ સ્થળોનો વિકાસ પ્રવાસન ઉદ્યોગ સંદર્ભે વધશે તો ત્યાંના લોકોને તેનાથી કયા કયા ફાયદા થશે તે સમજાવવું જેથી લોકો પોતે જ સ્થળોની કાળજી રાખતા થઇ જશે.

– પુરાતત્વ ખાતાએ જાગૃત બની યોગ્ય સ્વરૂપે આવા સ્થળોની જાળવણી કરવી જરૂરી નહી તો જે છે તે પણ સમય જતા નામશેષ થઈ જશે.

– જે તે સ્થળોની જાણકારી લોકોને વધુ મળે તે માટે તે સ્થળની અગત્યની માહિતીના પોસ્ટરો નજીકના સ્થળોએ લગાવવા તેમજ શાળા કોલેજોને એવું સાહિત્ય પૂરું પાડવું જેથી એક પ્રકારનું પ્રચારકાર્ય થાય.

– આવા સ્થળોને જોવાની નજીવી ફી પણ રાખી શકાય કે જેથી તેની આવક ફરી સંચાલન માટે જ ઉપયોગમાં લઈ સ્થળની જાળવણી કે તેના વિકાસ માટે પણ ઉપયોગમાં લઈ શકાય અને સંચાલન માટેનો નવો માર્ગ પણ મળી શકે.

– આવા સ્થળોએ હોટલોની રહેવાની વ્યવસ્થા ઊભી કરવી જેથી પ્રવાસીઓ ત્યાં રોકાય શકે.

– આ વિસ્તારની પ્રાચીન સંસ્કૃતિને પણ પ્રવાસીઓ સમક્ષ મૂકી એક પ્રવાસન ઉદ્યોગમાં કઇક નવું પગલું ભરી શકાય.

**REFERENCE** ૧. વિલ્સન હીલ એક ગિરિમથક | – લેખક શ્રી માધવસિંહ દોડિયા ધરમપુર | ૨. લીલોછમ પ્રદેશ, લીલુછમ પર્યટન દક્ષિણ ગુજરાત, | – લેખક ભદ્રેશ નાયક | ૩. વર્તમાન પત્રો. | ૪. જે તે સ્થળોની પ્રત્યક્ષ મુલાકાત. |